# મનુબરમાં બંધ ટ્રકની તપાસ કરતા ડ્રાઈવરનું અકસ્માત મોત

**મૂળ** બિહારનો રંજનકુમાર યાદવ બે મહિનાથી ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો

ભરૂચ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર આવેલા મનુબર ગામ નજીક રવિવારે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. યાંત્રિક ખામીને કારણે બંધ પડી ગયેલી ટ્રકની તપાસ કરી રહેલા બિહારના ડ્રાઈવર રંજનકુમાર રામારાય યાદવને પાછળથી આવતી ઝડપી ટ્રકે અડફેટે લેતાં તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

મૂળ સૌરાષ્ટ્ર અને હાલ અમદાવાદ રહેતા 21 વર્ષના યોગેશભાઈ કિશોરભાઈ હિરપરા ટ્રાન્સપોર્ટ કંપની 'આલ્ફા ટ્રાન્સ કોસ્ટલ એક્ઝિમ્ઝિંગ સર્વિસ'નો ટ્રાન્સપોર્ટ ધંધો ચલાવે છે. તેમણે ત્યાં બે મહિનાથી ડ્રાઈવર તરીકે રંજન કુમાર રામારાય યાદવ (રહે.,પરમાનન્દપુર, તા.જીસારન, બિહાર) નોકરી કરતો હતો. તેમના ટ્રાન્સપોર્ટમાંથી કન્ટેનર ટ્રક નં.(GJ-14-X-5776) ગત તા.29 ઓગસ્ટે મુદ્રા કચ્છથી ખાલી લઈને દહેજ તરફ માલ ભરવા માટે રવાના થયો હતો. તા.30મી ઓગસ્ટે રાત્રે લગભગ આઠ વાગ્યે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર મનુબર ગામ પાસે અચાનક યાંત્રિક ખામી સર્જાતાં ટ્રક બંધ પડી ગઈ હતી.

ડ્રાઈવર રંજનકુમાર ટ્રકની નીચે ઊતરીને તેની તપાસ કરી રહ્યો હતો, ત્યાં જ પાછળથી (વડોદરા તરફથી) આવતી બીજી ઝડપી કન્ટેનર ટ્રક નં.(NL-04-D-7196)ના ચાલકે પોતાનું વાહન પૂરઝડપે હંકારી તેમના કન્ટેનરની પાછળના ભાગમાં જોરદાર ટક્કર મારતાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. જે બાબતે યોગેશ હિરપરાએ ભરૂચ રૂરલમાં ફરિયાદ આપતાં NL-04-D-7196ના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# કબ્રસ્તાનમાં મારામારી , 23 સામે ફરિયાદ

**સોનગઢમાં** કબ્રસ્તાનમાં દફનવિધિ અને નમાઝ બાબતે બબાલ થતાં એક જ કોમનાં બે જૂથ બાખડ્યાં



સોનગઢ: સોનગઢ શહેરમાં અતિ સંવેદનશીલ બનેલી એક ઘટનામાં કબ્રસ્તાન પરિસરમાં અંતિમક્રિયા તેમજ નમાઝ પઢવા જેવી પવિત્ર ધાર્મિક વિધિઓ દરમિયાન સર્જાયેલી સામાન્ય બોલાચાલી અને ઉગ્ર તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ મામલે સોનગઢ પોલીસ મથકે બંને પક્ષે સામસામી ફરિયાદો નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર સોનગઢના ઈસ્લામપુરા વિસ્તારમાં રહેતો પરિવાર તેમના સ્વજન નાસીર મજીદ ખાટીકનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થતાં તેમનો પાર્થિવ દેહ અંતિમવિધિ માટે સોનગઢ લાવ્યો હતો. સાંજે જમાદાર ફળિયા સ્થિત કબ્રસ્તાન ખાતે દફનવિધિ પૂર્વે નમાઝ અદાયગી બાબતે બે જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી, જે જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શારીરિક ઝઘડામાં પરિણમી હતી. એક પક્ષના ફરિયાદી મોસીન ઉર્ફે લલ્લા સફી કુરેશીએ નોંધાવેલી ફરિયાદ મુજબ મૃતકના જનાજા સાથે આવેલા લોકો પર લાકડાના ફટકા, લોખંડના પાઈપ અને ડંડા વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ફરિયાદી અને સાક્ષીઓને ડાબા પગે, ગરદન તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત કલેક્ટરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગેરકાયદે મંડળી રચી જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવ્યાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે. આ ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સોનગઢની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે સામા પક્ષે પણ આ જ વિવાદ અને સંઘર્ષ સંદર્ભે ફરિયાદ નોંધાવી છે, જેમાં બંને તરફથી એકબીજા સામે ગંભીર આક્ષેપો કરાયા છે.

બનાવની સંવેદનશીલતા અને ગંભીરતાને ધ્યાનમાં રાખી તાપી જિલ્લા પોલીસ વડા અને સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં આવ્યો છે. સોનગઢ પોલીસ સ્ટેશનના પી.આઈ. તથા તપાસ અધિકારી દ્વારા સમગ્ર પ્રકરણની ઝીણવટભરી અને નિષ્પક્ષ તપાસ હાથ ધરવામાં આવી છે. બંને પક્ષોની રજૂઆતો, દસ્તાવેજી પુરાવાઓ અને સાહેદોની વ્યૂહાત્મક તપાસના આધારે સત્ય બહાર લાવવા તેમજ કાયદો હાથમાં લેનારાં અસામાજિક તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી પોલીસ પ્રશાસન દ્વારા આપવામાં આવી છે. હાલ સમગ્ર વિસ્તારમાં શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે એ માટે પોલીસ કાફલો સતત પેટ્રોલિંગ કરી રહ્યો છે.

# સમાધાન બાદ નાલમાં વનકર્મીઓએ ખેડૂતોને જમીન ખેડતા અટકાવ્યા

**90** દિવસની 'હૈયાધરપત' પર સવાલ ઊઠ્યા

ચિકદા, ભરૂચ, સાગબારા: ઓગસ્ટ મહિનાના અંતિમ દિવસે કાગળ પર સમાધાન થયું, પણ અમલમાં ધૂળધાણી દેખાઈ રહી છે. ખોપી સહિત ૧૨ ગામની અહિંસક લડાઈ પછી રાજ્યના બે મંત્રીએ ૯૦ દિવસમાં સનદ આપવાની ખાતરી આપી હતી. પરંતુ માત્ર ૨૪ કલાકમાં જ નાલ ગામના અસરગ્રસ્ત ખેડૂતોને વન વિભાગના કર્મચારીઓએ જમીન ખેડતા અટકાવ્યા હતા.

મંગળવારે નાલના ૨૦-૨૫ અસરગ્રસ્ત ખેડૂતોએ ઉમરપાડાના વડપાડા રેન્જ હરિપુરા રાઉન્ડમાં પોતાની જમીન ખેડવા માટે ટ્રેક્ટર લઈ જતા હતા. તેઓને મંત્રીઓના આશ્વાસનનો આધાર હતો. પણ જેવા તેઓએ ખેડાણ શરૂ કર્યું, એવા જ વન વિભાગના કર્મચારીઓ ત્યાં પહોંચી ગયા અને તેમને અટકાવી દીધા હતા. કર્મચારીઓની દલીલ હતી કે, ૯૦ દિવસ પછી સનદ મળે એટલે ખેડજો, અત્યારે નહીં. ખેડૂતો જ્યારે આ વાતનો વિરોધ કરતા ગરમાગરમી વધી ગઈ. આ બનાવે નાલ ગામમાં ખળભળાટ મચાવી દીધો છે. નોંધનીય છે કે નાલ ગામના આશરે ૨૯૦ પેન્ડિંગ દાવા હજુ પેન્ડિંગ છે.

આ ઘટનાની જાણ પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલાએ રાજ્યના વન મંત્રી અર્જુન મોઢવાડિયા, વિરોધ પક્ષના નેતા, સુરત-નર્મદા કલેક્ટર, વન વિભાગના CCF અને પોલીસ વિભાગને ઈ-મેલ દ્વારા રજૂઆત કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણેશોત્સવ નિમિત્તે બારડોલીમાં જલારામ સર્કલથી સરદાર ચોક સુધી શોભાયાત્રા પર પ્રતિબંધ

બારડોલી: બારડોલી તાલુકામાં ગણેશોત્સવ નિમિત્તે ગણેશ સ્થાપના તેમજ ગણેશ વિસર્જનની શોભાયાત્રા/સરઘસ સાથે થનાર છે. આ દરમિયાન ટ્રાફિક તથા કાયદો જળવાય રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ હિરેન ચૌહાણે એક જાહેરનામાં થકી તા.૨૪/૦૯/૨૦૨૬ સુધી બારડોલી સ્ટેશન રોડ ઉપરના જલારામ સર્કલથી સરદાર ચોક જૈન દેરાસર સુધીના આવવા જવાના બંને રસ્તા ઉપર શોભાયાત્રા કાઢવા પર પ્રતિબંધ જાહેર કર્યો છે. અને વૈકલ્પિક રૂટ તરીકે બારડોલી સ્ટેશન રોડ ઉપરથી આવતી શોભાયાત્રા જલારામ સર્કલથી ગાંધી રોડ ઉપર તેમજ મુદિત પેલેસ થઈ શાસ્ત્રી રોડ, ધામડોદ રોડ ઉપર શોભાયાત્રા ડાયવર્ટ કરી છે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર છે.

### તાપીમાં દારૂના અડ્ડા બંધ કરાવવા કલેક્ટરને રજૂઆત



વ્યારા: તાપી જિલ્લામાં ગેરકાયદે ધમધમતા દેશી અને વિદેશી દારૂના અડ્ડા સંપૂર્ણપણે બંધ કરાવવાની માંગ સાથે બહુજન સમાજ પાર્ટી દ્વારા ગતરોજ તાપી કલેક્ટર દેવ ચૌધરીને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી, જેમાં આગામી સાત દિવસની અંદર જિલ્લામાં ગેરકાયદે રીતે ચાલતા દારૂના અડ્ડાની સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે તો આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની ચીમકી ઉચ્ચારી હતી તેમજ ફરજમાં બેદરકારી દાખવનાર જવાબદાર સ્થાનિક અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની માંગ કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું હતું.

### ભરૂચમાં બસમાં મહિલાઓની છેડતી કરવાનું આધેડને ભારે પડ્યું



ભરૂચ: ભરૂચથી સ્તંભેશ્વર મહાદેવ મંદિરે દર્શનાર્થે જઈ રહેલી મહિલાઓ સાથે એસટી બસમાં અશ્લીલ હરકતો કરવાના આક્ષેપમાં જંબુસર પોલીસે 51 વર્ષીય આધેડ સામે ફરિયાદ નોંધી છે. મળતી માહિતી મુજબ ભરૂચથી જંબુસર તરફ જતી એસટી બસ આમોદ-જંબુસર વચ્ચેથી પસાર થઈ રહી હતી. ત્યારે જંબુસરના ટંકારી ગામના હનીફ અબ્દુલ્લા અહેમદ અંગુઠિયા (ઉં.વ.51) દ્વારા બસમાં સવાર મહિલાઓ સાથે ચેનચાળા અને અશ્લીલ હરકતો કરવામાં આવી હોવાનો ગંભીર આક્ષેપ થયો છે. આરોપીના કથિત વર્તનથી બસના મુસાફરોમાં ભારે રોષ ફેલાયો હતો. ફરિયાદી મહિલા અને અન્ય મુસાફરોએ તાત્કાલિક આધેડનો વિરોધ કરી તેને અટકાવ્યો હતો. બસ જંબુસર એસટી ડેપો પહોંચતાં સમગ્ર મામલે 112 ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી હતી. 112ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી અને આરોપીને જંબુસર પોલીસ મથકે રજૂ કર્યો હતો. ફરિયાદી મહિલાના નિવેદનના આધારે જંબુસર પોલીસે આરોપી સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ મામલે વધુ તપાસ આદરી છે.

### બામણી ગામમાં સંતાન ન થવાના તણાવમાં યુવાને ફાંસો ખાધો

બારડોલી: બારડોલીના બામણી ગામમાં રહેતા અને મજૂરીકામ કરતા એક યુવાને લગ્નજીવન બાદ પણ સંતાન પ્રાપ્તિ ન થવાના કારણે માનસિક તણાવમાં આવી જઈ પોતાના જ ઘરમાં ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હોવાની ઘટના સામે આવી છે. આ બનાવ અંગે બારડોલી રૂરલ પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર બારડોલીના બામણી ગામના માહ્યાવંશી ફળિયામાં રહેતા રાહુલભાઈ હસુભાઈ હળપતિ (ઉં.વ.૩૨) પોતાની પત્ની આરતીબેન સાથે રહેતા હતા અને મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા હતા. દંપતીને કોઈ બાળકો ન થતા હોવાથી રાહુલભાઈ છેલ્લા કેટલાક સમયથી ભારે ટેન્શનમાં રહેતા હતા. આ જ માનસિક હતાશામાં આવી જઈને તેમણે સોમવાર, તારીખ ૩૧ ઓગસ્ટ-૨૦૨૬ના રોજ સવારે ૮થી બપોરે ૩ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય સમયે પોતાના ઘરની અંદર મોભથી નીચે આવેલી લોખંડની એંગલ સાથે સાડી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. આ ઘટનાની જાણ મૃતકની પત્ની આરતીબેન (ઉં.વ.૨૬) દ્વારા સાંજે કડોદ આઉટ પોસ્ટ અને ત્યારબાદ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. બારડોલી રૂરલ પોલીસે આ બનાવ સંદર્ભે અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. હાલ આ સમગ્ર મામલાની વધુ તપાસ કડોદ આઉટ પોસ્ટના એ.એસ.આઈ. છનાભાઈ છગનભાઈ ચલાવી રહ્યા છે.

# બામણિયામાં નાસિકથી ટામેટાં ભરીને જોધપુર જતી ટ્રક પલટી

**વાંસકુઈ**-બામણિયા માર્ગ પર 15 દિવસમાં લક્ઝરી બસ, ટેમ્પો, કાર સહિત અનેક વાહનો ખાબક્યાં




અનાવલ: અંબિકાના વાંસકુઈથી નવસારી જતા માર્ગ પર વાંસકુઈ અને બામણિયા વચ્ચે નવીનીકરણ પામેલો રોડ વાહનચાલકો માટે અકસ્માત ઝોન બની ગયો છે. છેલ્લા 15 દિવસમાં જ આ માર્ગ પર લક્ઝરી બસ, આઈસર ટેમ્પો, કાર અને પ્રાઈવેટ બસ સહિત અનેક વાહનો રસ્તાની સાઈડમાં ખાબકી ચૂક્યાં છે. વરસાદી પાણી પડતાં જ રોડ અત્યંત લપસણો બની જતો હોવાની વાહનચાલકોની ફરિયાદ છે. ખાસ કરીને અચાનક બ્રેક મારતાં વાહનચાલકો વાહન પરનો કાબૂ ગુમાવી બેસે છે અને વાહન રસ્તાની સાઈડમાં ખાબકી જાય છે.

તા.1 સપ્ટેમ્બરના રોજ નાસિકથી ટામેટાં ભરીને જોધપુર જઈ રહેલી એક ટ્રક બામણિયા ગામની સીમમાં પલટી મારી ગઈ હતી. ટ્રકને બહાર કાઢવા માટે ત્રણ-ત્રણ ક્રેનની મદદ લેવી પડી હતી. અકસ્માતમાં ટ્રકને મોટું નુકસાન થયું હતું. જોકે, સદનસીબે ચાલકનો આબાદ બચાવ થયો હતો. છેલ્લા પખવાડિયામાં બનેલા અન્ય અકસ્માતોમાં પણ વાહનોને મસમોટું નુકસાન થયું છે, પરંતુ અત્યાર સુધી મોટી જાનહાનિ ટળી છે. વારંવાર સર્જાતા અકસ્માતોને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. અકસ્માતનો ભોગ બનેલા વાહનચાલકોનું પણ કહેવું છે કે રોડ પર બ્રેક મારતાં જ વાહન કન્ટ્રોલમાં રહેતું નથી. નવીનીકરણ બાદ આટલા ઓછા સમયમાં અકસ્માતોની વણઝાર સર્જાતા રોડની ગુણવત્તા અને બાંધકામ કામગીરી સામે પણ સવાલો ઊભા થયા છે.

સ્થાનિકોમાં સવાલ ઊઠી રહ્યો છે કે રોડ બનાવનાર એજન્સીની કામગીરીની તપાસના આદેશ કેમ આપવામાં આવતા નથી? રોડની સપાટીનું ગુણવત્તા પરીક્ષણ થયું છે કે નહીં? જો રોડની સપાટી જ વરસાદમાં લપસણી બનીને વાહનોને કાબૂ બહાર કરી દેતી હોય તો જવાબદારી કોની? સ્થાનિકોનું કહેવું છે કે તંત્ર મોટી જાનહાનિ કે મોટી હોનારત સર્જાય તેની રાહ જોવાને બદલે તાત્કાલિક સ્થળ તપાસ કરાવે, રોડની ગુણવત્તા ચકાસે અને જરૂરી કામગીરી હાથ ધરે.

## તાતીથૈયામાં ઝાડ પરથી પટકાતાં આધેડનું મોત

પલસાણા : તાતીથૈયાના ગેટ પાસે એક અજાણ્યા ૪૫ વર્ષીય પુરુષનું ઝાડ પરથી નીચે પટકાયો હતો. જેને સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડ્યો હતો. પરંતુ ગંભીર ઈજાને કારણે મોત નીપજ્યું હતું. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે ગુનો નોંધી તપાસ આદરી છે.

# કીમમાં યુવાન પર હુમલો

કીમ: કીમ પૂર્વ રેલવે બ્રિજ નીચે આવેલા એચ.પી. પેટ્રોલ પંપની સામે તા.31 ઓગસ્ટના રોજ સવારે 11:30 વાગ્યાના સુમારે જાહેર માર્ગ પર ઝઘડો થયો હતો. આશિયાનાનગરમાં રહેતા 32 વર્ષીય યાહ્યા અબુબકર શેખ અને તેમની માતા સાથે જૂની અદાવતમાં બે શખ્સોએ ગાળાગાળી કરી હુમલો કર્યો હતો. આરોપી શહેબાઝ ઉર્ફે રાજા શફી મલેક અને શેફ સફી મલેકે એકસંપ થઈ ફરિયાદી તથા તેમની માતાને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. તદુપરાંત આરોપી શહેબાઝે લાકડાના ફટકા મારતા ફરિયાદીના જમણા હાથની આંગળીમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. આ ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત યુવકે કીમ પોલીસ મથકે ગુનો નોંધાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# તરસાડી-કોસંબા ઓવરબ્રિજ ઉપર લાઈટ્સ મુકાતાં અંધારપટ દૂર થયો

**રાત** પડતા જ ઓવરબ્રિજ પરથી લોકોએ પસાર થવું મુશ્કેલ બન્યું હતું




હથોડા: પ્રજાની સુખાકારી માટે બે વર્ષ પહેલાં ગુજરાત સરકારે કરોડો રૂપિયાની ગ્રાન્ટ મંજૂર કરી તરસાડી-કોસંબાની મધ્યમાં આવેલી રેલવે લાઈન પર ઓવરબ્રિજ બનાવ્યો હતો. પરંતુ ઉદઘાટન બાદ પણ એજન્સી કે તંત્ર દ્વારા લાઈટ્સ ન મુકાતાં રાત્રે બ્રિજ પર અંધારપટ છવાઈ જતો હતો. ભારે વળાંકવાળા આ ઓવરબ્રિજ પર અંધારાના કારણે એક વ્યક્તિનું અકસ્માતમાં મોત પણ થયું હતું, જેને પગલે વાહનચાલકો અને રાહદારીઓમાં અકસ્માત અને લૂંટની ભારે દહેશત વ્યાપી હતી.

આ સમસ્યાના ઉકેલ માટે તરસાડીના જાગૃત નાગરિકો રાકેશભાઈ વસાવા, અયાઝ મલેક, સલીમ મામુ શાહ, બળવંત પંચાલ અને ફારૂક શેખ સહિતના લોકોએ તંત્રને સતત લેખિત ફરિયાદો કરી રજૂઆતો કરી હતી. નાગરિકોની આ લાંબા સમયની માંગણી બાદ આખરે તંત્ર હરકતમાં આવ્યું છે અને ઓવરબ્રિજ પર લાઈટ્સ મૂકવાની કામગીરી શરૂ કરી દીધી છે. લાઈટ્સ ચાલુ થતાં અંધારપટ દૂર થવાની સાથે જ સ્થાનિક જનતાએ મોટી રાહત અનુભવી છે.

# બુહારીમાં કેબિન દૂર કરવા મામલે 8 અધિકારીને હાઈકોર્ટની કન્ટેમ્પ્ટની નોટિસ

**આઠ** અધિકારીઓમાં અધિક નિવાસી કલેક્ટર, પ્રાંત અધિકારી, સિટી સરવે સુપ્રીન્ટેન્ડન્ટ, મામલતદાર, વાલોડ પીઆઈ, પીએસઆઈ અને વાલોડ ટીડીઓનો સમાવેશ

**તમામ** અધિકારીઓને આગામી તા.11મી સપ્ટેમ્બરના રોજ જાતે હાજર રહેવા માટે હાઈકોર્ટ દ્વારા નોટિસ આપવામાં આવી

બુહારી: તાપી જિલ્લાના એકમાત્ર સ્માર્ટ વિલેજ બુહારી ગામમાં પગરખાની નાની કેબિન ચલાવીને ગુજરાન ચલાવતા ગરીબ રહેવાસી પાર્વતીબેન પરમાર તેમજ તેમના પુત્ર મુકેશ પરમારની રોજગારી પર સ્થાનિક રાજકીય નેતા દ્વારા તંત્રના જોરે તરાપ મારવાના મામલાને ગુજરાત હાઈકોર્ટે અત્યંત ગંભીર નોંધ લઈને તાપી જિલ્લાના અધિક નિવાસી કલેકટર બોરાડ, પ્રાંત અધિકારી સંદીપ ગાયકવાડ, સિટી સર્વે સુપ્રીન્ટેન્ડેટ નિમેષ પટેલ, મામલતદાર યોગેશ પટેલ, વાલોડ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ ગીલાતર, વાલોડ PSI સોલંકી, વાલોડ TDO અમરદાસ રાઠવા સહિતના અધિકારીઓ વિરુદ્ધ નામજોગ હાઈકોર્ટના હુકમના અનાદરની (કન્ટેમ્પટ)ની નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે.

હાઈકોર્ટે આ અધિકારીઓના ખર્ચે ફરીથી આ જ જગ્યાએ કેબિન કેમ ન મૂકવું? અરજદારને થયેલી નુકસાનીનું વળતર આ તમામ અધિકારીએ કેમ ન ચૂકવવું? તેમજ હાઈકોર્ટ દ્વારા બપોરે 2:30 વાગ્યે સુનાવણી રાખવામાં આવી હોવા છતાં અને 'મૌખિક સ્ટે' ઓર્ડર હોવા છતાં બપોરે 2:00 વાગ્યે કેબિન દૂર કરવાની ઉતાવળ શા માટે કરવામાં આવી? આ તમામ અધિકારીઓ ની કેબિન દૂર કરવામાં શું ભૂમિકા હતી? આવા આકરા સવાલો અને સાથે આ તમામ અધિકારીઓ એ જાતે સ્વયં આગામી 11 સપ્ટેમ્બરે ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ ખાતે ફરજિયાત હાજર રહેવાની નોટિસ ફટકારવામાં આવી છે. કાયદા ને ગજવામાં ઘાલીને ફરનારા રાજકીય નેતા ના અહંકાર પર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સણસણતો જડબેસલાક તમાચો મારવામાં આવ્યો છે. અગાઉ થયેલ સુનાવણી માં સિટી સર્વે સુપ્રિટેન્ટેટ નિમેષ પટેલે એફિડેવિડ કરી કોર્ટની માફી પણ માંગી હતી. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપર ના તમામ અધિકારી ને નોટિસ ફટકારી કાર્યવાહી કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. સમગ્ર મામલા માં અરજદાર વતી વિદ્વાન એડવોકેટ કૃતિબેન શાહ દ્વારા ધારદાર, સચોટ દલીલ તમામ સુનાવણી વખતે કરવામાં આવી હતી. જેને હાઈકોર્ટે ગ્રાહ્ય રાખીને કેસનું મેરિટ જોઈને હાઈકોર્ટ દ્વારા ઐતિહાસિક ગણી શકાય તેવો આદેશ કરવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા એટલી ગંભીર બેદરકારી કરવામાં આવી છે કે ગત 2 જૂન 2026 ના રોજ સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ તાપી દ્વારા મુકેશ પરમારને આ દબાણ બાબતે 11 જૂને હાજર રહેવા જમીન મહેસુલ કાયદાની કલમ-61 હેઠળ નોટીસ આપી હતી. ત્રણ વખત નોટિસ આપી એ તમામ નોટિસમાં સિટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ દ્વારા સર્વે નંબર અલગ જણાવવામાં આવ્યો હતો. આ કહેવાતું દબાણ કયા સર્વે નંબરમાં છે એ જાણવા વગર જ એક રાજકીય નેતાને ખુશ કરવા આખા તાપી જીલ્લાનું વહીવટ તંત્ર અધુરુ બન્યુ હતું. વધુમાં આ બાબતે અરજદારને 11 જૂને હાજર રહેવાની નોટિસ જ સિટી સર્વે વિભાગ દ્વારા 12 જૂને Speed Post કરવામાં આવેલ. આમ તંત્ર દ્વારા ગંભીર જાણી જોઈને કરવામાં આવેલ ભૂલ હતી. વધુમાં આ બાબતનો પુરાવો પણ વહીવટી તંત્ર એ જાતે જ કોર્ટમાં રજૂ કરીને પોતાની મૂર્ખતા સાબિત કરી હતી. હાઈકોર્ટ દ્વારા વિશેષ નોંધ કરવામાં આવી હતી કે જમીન મહેસુલની કલમ 61 અને 202 હેઠળ કોઈપણ પ્રકારનો ઓર્ડર પાસ કર્યા વગર જ કેબિન દૂર કરવામાં આવી. આ બાબતે કોર્ટે અધિકારી વિરુદ્ધ આકરા શબ્દોમાં ટીકા પણ કરી હતી.

1 જુલાઈના રોજ સવારે 11 વાગ્યે ગુજરાત હાઈકોર્ટના વિદ્વાન જસ્ટીસ અનિરુદ્ધ .પી. માયી સાહેબ દ્વારા સરકારી વકીલને જણાવવામાં આવ્યું હતું કે આ બાબતની અરજન્ટ સુનવાણી બપોરે 2:30 વાગ્યે રાખવામાં આવી છે ત્યાં સુધી કેબિન હટાવવું નહીં. સરકારી વકીલ દ્વારા આ બાબતે તાપી જિલ્લાના અધિક નિવાસી કલેકટર બોરડને જાણ કરવામાં આવી હતી. તેમ છતાં એક રાજકીય નેતાના ઈશારે આ તમામ અધિકારીઓએ હાઈકોર્ટના પણ ઉપરી હોય અને કોર્ટને પણ કશું ગણતા ન હોય એ રીતે વર્તન કર્યું હતું. બપોરે 1:45 વાગ્યે પણ કોર્ટે જણાવ્યું કે 2:30 વાગ્યે સુનવાણી છે કશું કરવું નહીં. તેમ છતાં ગરીબ વિધવા મહિલાની કેબિન દૂર કરવા પર હાઈકોર્ટ દ્વારા સ્ટે ઓર્ડર મળવાનો છે. એવો ખ્યાલ આ અહંકારી રાજકીય નેતા અને રાજકીય નેતાની ખુશામત કરનારા અધિકારીઓને આવી જતા આ તમામ લોકોએ મિલીભગતમાં બપોરે 2:00 વાગ્યે કેબિન દૂર કરી હાઈકોર્ટના ઓર્ડરનો અનાદાર કરી ગંભીર ભૂલ કરી હતી.

### હાઈકોર્ટની સુનાવણી અને મૌખિક સ્ટેની વિગતો સૂરજ દેસાઈએ તમામ અધિકારીઓને મોકલી હતી પરંતુ અધિકારીઓ બેફામ રહ્યા…

બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈ દ્વારા અધિક નિવાસી કલેકટર, મામલતદાર અને પોલીસ ઇન્સ્પેક્ટરને પોતાના પર્સનલ મોબાઈલ નંબર પરથી હાઇકોર્ટની સુનવાણી અને મૌખિક સ્ટે બાબતની બે વીડિયો ક્લિપ તેમજ મેસેજ કરીને જાણ કરવા છતાં અધિકારીઓએ કેબિન દૂર કરી એ બાબતની હાઇકોર્ટે ગંભીર નોંધ લઈને તમામ અધિકારીઓ વિરુદ્ધ કાર્યવાહીનો પ્રારંભ કર્યો છે. આમ સરકારી અધિકારીઓ રાજકીય નેતાની ખુશામતગીરી કરવાના ચક્કરમાં હાઇકોર્ટના ઓર્ડરનો અનાદર કરતા બરાબરના ભેરવાયા છે અને સમગ્ર તાપી જીલ્લાના વહીવટી તંત્રમાં જબરદસ્ત સોંપો પડી રહ્યો છે. એક સાથે આટલા બધા અધિકારીઓ પર હાઇકોર્ટના અનાદરની નોટિસ અને જાતે સ્વયં હાઇકોર્ટમાં હાજર રહેવાનો ઓર્ડર થયો હોય તેવું તાપી જિલ્લામાં પ્રથમ વખત બન્યું છે. સમગ્ર બુહારી ગામના સામાન્ય ગરીબ, ગરીબ વર્ગના લોકો કે જેઓ લારી,ગલ્લા,કેબિન ચલાવી પોતાનું ગુજરાન કરી રહ્યા છે તેઓમાં હાઇકોર્ટના આ ઓર્ડરથી ખૂબ ખુશી જોવા મળી રહી છે.

### કાયદાને નેવે મૂકીને એક રાજકીય નેતાને ખુશ કરનાર અધિકારીઓ માટે હાઈકોર્ટનો આદેશ બોધપાઠ સમાન છે: બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈ

આ કેસ અંગે બુહારીના ઉપસરપંચ સૂરજ દેસાઈએ જણાવ્યું હતું કે, કાયદાના તમામ નિયમો નેવે મૂકીને માત્ર એક રાજકીય નેતા ને ખુશ કરનારા અધિકારીઓ માટે આ ઓર્ડર એક બોધપાઠ છે, બુહારી ના કોઈપણ ગરીબ કે કોઈપણ નિર્દોષ નાગરિકને કોઈ ખોટી રીતે હેરાન કરશે તો સામે કોઈ પણ હશે અમે હંમેશા પ્રજાના પડખે રહીશું. દરમ્યાનમાં ગ્રામવાસીઓ કહે છે કે આ સમગ્ર મામલામાં બુહારી વિસ્તારના અગ્રણી સત્યજીતભાઈ દેસાઈ અને ઉપસરપંચ સૂરજ દેસાઈ દ્વારા ખૂબ મહત્વની ભૂમિકા ભજવવામાં આવી છે અને આ ગરીબ પરિવાર ને ન્યાય અપાવવા માટે કોઈ કસર બાકી રાખી ન હતી. આજે સમગ્ર બુહારી ગામના લોકોમાં ચર્ચા છે કે ગરીબ માટે, નિર્દોષ પ્રજા માટે લડનારા લોકોના પડખે ઊભા રહેનારા સતુભાઈ અને સૂરજ ગામમાં છે. આ પ્રકરણથી ગામના લોકોનો વિશ્વાસ આ બંને પિતા-પુત્રની જોડી પર ખૂબ વધ્યો છે.

### સત્યજીત અને સૂરજ દેસાઈએ મને ન્યાય અપાવ્યો: કેબિનધારક પાર્વતીબેન પરમાર

આ કાયદાકીય પ્રક્રિયા અમે અભણ અને ગરીબ લોકોને ખબર ન હતી. પરંતુ મારા ગામના આગેવાન સત્યજીતભાઈ દેસાઈ અને ઉપસરપંચ સૂરજભાઈ દેસાઈ અમારો સહારો બનીને આવ્યા અને અમને ન્યાય અપાવ્યો છે તેમ કેબિનધારક પાર્વતીબેન પરમારે જણાવ્યું હતું.